| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | :- | ૦૬/૦૮/૨૦૨૧ | | |
| દાખલ તારીખ | :- | ૦૬/૦૮/૨૦૨૧ | | |
| ફેંસલ તારીખ | :- | ૦૯/૦૭/૨૦૨૬ | | |
| સમય ગાળો | :- | વર્ષ | માસ | દિવસ |
| | | 04 | 11 | 02 |

**Ex.**

## FORM-A

| |
|---|
| **મે. છોટાઉદેપુર જીલ્લાનાં ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ:- છોટાઉદેપુર.** |
| **ચુકાદાની તા.૦૯/૦૭/૨૦૨૬** |
| **સેસન્સ કેસ નં.૩૮/૨૦૨૧** |
| **ગુનો:-**પાનવડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૩૪/૨૦૧૯, ભારતીય દંડ સંહિતાની કલમ- ૫૦૪, ૫૦૬(૨) મુજબ |

| | |
|---|---|
| **ફરિયાદી** | **સરકાર શ્રી** |
| **ફરિયાદી તરફે** | વિ.એ.પી.પી.શ્રી આર.એસ. પરમાર |
| | **વિરુદ્ધ** |
| **આરોપી** | **પંકજભાઇ ડાહ્યાભાઇ સોલંકી**<br>રહે. ૮૯૨, વાલ્મીકી વાસ કરચીયા, તા.જી.વડોદરા |
| **આરોપી તરફે** | આરોપી તરફે વિ.વ.શ્રી એફ.કે.પઠાણ |

## FORM-B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૦૬.૧૨.૨૦૧૮ |
| **એફ.આઇ.આર.ની તારીખ** | ૨૦.૦૭.૨૦૧૯ |
| **ચાર્જશીટ રજુ થયા તારીખ** | ૦૬.૦૮.૨૦૨૧ |
| **તહોમતનામુ ફરમાવ્યા તારીખ** | ૧૯.૦૪.૨૦૨૨ |
| **પુરાવાની શરૂઆતની તારીખ** | ૧૪.૧૧.૨૦૨૨ |
| **તારીખ કે જેના પર ચુકાદો અનામત છે.** | ૦૯.૦૭.૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૦૯.૦૭.૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો.** | ----- |

| આરોપીની માહિતી | |
|---|---|
| **આરોપી** | **પંકજભાઇ ડાહ્યાભાઇ સોલંકી**<br>રહે. ૮૯૨, વાલ્મીકી વાસ કરચીયા,<br>તા.જી.વડોદરા |
| **ધરપકડની તારીખ** | તા.૨૦.૦૮.૨૦૧૯ |
| **જામીન ઉપર છુટવાની તારીખ** | તા.૨૦.૦૮.૨૦૧૯ |
| **ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ** | ઇન્ડીયન પીનલ કોડની કલમ–૫૦૪, ૫૦૬(૨) |
| **નિર્દોષ કે દોષિત** | નિર્દોષ |
| **સજા લાદવામાં આવી** | -- |
| **કલમ ૪૨૮ ક્રિમીનલ પ્રોસીજર કોડના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો** | -- |

## FORM–C

**પ્રોસીકયુશન / ડીફેન્સ / કોર્ટનાં સાક્ષીઓની યાદી**

**A. પ્રોસીકયુશન:–**

| રેન્ક | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| **૧.** | સંતોષ ઉત્તમરાવ ઉપરે | **ફરીયાદી** | **૧૧** |
| **૨.** | કરશનભાઇ વીછીંયાભાઇ રાઠવા | **સાહેદ** | **૧૪** |
| **૩.** | વિક્રમસિંહ અજયસિંહ રાજપુત | **સાહેદ** | **૧૫** |
| **૪.** | સંજયભાઇ પ્રતાપભાઇ રાઠવા | **સાહેદ** | **૧૬** |
| **૫.** | મનોજભાઇ ચંદુભાઇ રાઠવા | **પંચ સાહેદ** | **૧૮** |
| **૬.** | ભાવસિંગભાઇ બનીયાભાઇ રાઠવા | **ત.ક.અ.શ્રી** | **૨૩** |

**B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઇ હોય તો:-**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

**C. કોર્ટના સાક્ષીઓ, જો કોઈ હોય તો:–**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

**પ્રોસીકયુશન / બચાવપક્ષ/કોર્ટના આંકની સુચિ.**

**A. પ્રોસીકયુશન:-**

**(બ) દસ્તાવેજી પુરાવાઓ :-**

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૨ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૯ |
| ૩. | આરોપીનું અટક પંચનામુ | ૨૪ |

**B. બચાવપક્ષ:-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

**C. કોર્ટથી આંક:-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

**D. મટીરીયલ ઓબ્જેકટસ:-**

| અ.નં. | મટીરીયલ ઓબ્જેકટસ | વિગત |
|---|---|---|
| 1.M.O.1 | -- | -- |

**<u>–:: ચુ કા દો ::–</u>**

(૧) આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબનાં શિક્ષા પાત્ર ગુનાઓનું તહોમત છે.

(૨) **ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,**

આ કામના આરોપીએ તા.૦૬/૧૨/૨૦૧૮ ના રોજ ફરીયાદી યુનીયન બેંકમાં બ્રાંચ મેનેજર તરીકે ફરજ પર હતા ત્યારે તેમની સાથે બેંકના સ્ટાફના સંજયભાઈ રાઠવા, કરશનભાઈ રાઠવા, વિક્રમસિંહ રાજપુત તથા આરોપી હાજર હતા તે સમયે સાંજના સવા પાંચેક વાગ્યે ફરીયાદી તેમના ચેમ્બરમાં કામગીરી કરતા હતા ત્યારે આરોપી તેમની ચેમ્બરમાં આવીને 'તમે કેમ મારા બીલો મંજુર કરતા નથી' તેમ કહી જેમ તેમ ખરાબ ગાળો બોલવા લાગેલા અને મારવાની કોશીશ કરતા હતા તેમજ મારી નાખવાની ધમકી આપતા હતા અને જણાવેલ કે, તમે કેમ મારા વિરુદ્ધ વડોદરા હેડ ઓફીસમાં ફરીયાદ આપી તેમ કહી હું એસ.ટી./એસ.સી. કમિટીનો સભ્ય છુ તેમ કહી ઝઘડો કરી ગુનો કરી, ઈ.પી.કો કલમ ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હા કરતાં ફરીયાદીએ સદર બનાવની ફરિયાદ તા.૨૦.૦૭.૨૦૧૯ ના રોજ પાનવડ પોલીસ સ્ટેશનમાં આપેલ છે.

(૩) સદરહુ ફરિયાદ પાનવડ પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૩૪/૨૦૧૯ થી નોંધી લેવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે હાલના ગુનાની તપાસ કરી તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા વિદ્ધાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, કવાંટ કોર્ટમાં ઉપરોકત શિક્ષાપાત્ર ગુનાઓનું ચાર્જશીટ દાખલ કરેલ.

(૪) આરોપીને સમન્સની બજવણી થતા આરોપી અદાલત રૂબરૂ હાજર થતા વિદ્ધાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, કવાંટનાઓએ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલી. ત્યારબાદ તે સદરહુ બનાવમાથી

ઉદભાવેલ બીજા બનાવનો ગુન્હો એટ્રોસીટી એકટની જુદી જુખી કલમો હેઠળ નોંધાયેલ હોવાથી અને ક્રોસ કેસ હોવાથી બંને કેસો એક સાથે ચલાવવા જરૂરી હોય સદરહું કેસ ઈન્સાફી કાયવાહી માટે સદરહુ કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કમિટ કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ સદરહુ કેસ સેશન્સ કમિટ થઈ આવતા સેશન્સ કેસ નં.૩૮/૨૦૨૧ થી નોંધવામાં આવેલ છે.

(૫) આરોપીને સમન્સની બજવણી થતા આરોપી અદાલત રૂબરૂ હાજર થતા આરોપી વિરુદ્ધ આંક–૦૭ થી ઉપરોકત શિક્ષાપાત્ર ગુનાઓનું તહોમતનામું ફરમાવવામાં આવતા આરોપીએ તહોમતનામાનો ઈન્કાર કરી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી આંક–૨૫ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૭) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા તમામ હકીકતોનો ઈનકાર કરી તેઓ નિર્દોષ છે અને તેઓએ કોઈ દુષ્કૃત્ય કરેલ નથી અને કોઈને કોઈપણ પ્રકારે ધમકી કે ત્રાસ આપેલ ન હોવાનો બચાવ લીધેલ છે.

(૮) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી વિ.પી.પી.શ્રી આર.એસ.પરમાર તથા બચાવપક્ષ તરફથી વિ.વ.શ્રી એફ.કે.પઠાણની દલીલો સાંભળી.

(૮.૧) વિદ્વાન પી.પી.શ્રી આર.એસ. પરમાર તરફથી મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબનાં આક્ષેપિત ગુનાઓનું તહોમત છે. ફરિયાદપક્ષ તરફથી ઉપરોક્ત આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે કુલ ૦૬ મૌખિક પુરાવાઓ તેમજ કુલ ૦૩ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે. આ કામે ફરિયાદપક્ષ તરફથી

આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે સંજયભાઇ પ્રતાપભાઇ રાઠવા, વિક્રમસિંહ અજયસિંહ રાજપુત, કરશનભાઇ વિછીંયાભાઇ રાઠવાને સાહેદ તરીકે તપાસવામાં આવેલ છે. ફરિયાદીને ફરિયાદપક્ષ તરફથી સાહેદ નં.૧ આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે. તેમજ કરશનભાઇ વિછીંયાભાઇ રાઠવાને સાહેદ નં.૨ આંક–૧૪, વિક્રમસિંહ અજયસિંહ રાજપુતને સાહેદ નં.૩ આંક–૧૫, સંજયભાઇ પ્રતાપભાઇ રાઠવાને સાહેદ નં.૪ આંક–૧૬ થી તપાસવામાં આવેલ છે. આ ચારેય સાહેદોનો પુરાવો જોતા તેઓએ એવો સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, આરોપીએ  ફરીયાદીને ગંદી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. આ સાહેદોની ઉલટ તપાસમાં તેઓના પુરાવાનું ખંડન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, આ સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરી શકેલ છે. તેથી આરોપીને તકશીરવાન ઠરાવવા દલીલો કરેલ છે.

(૮.૨) બચાવપક્ષના વિ.વ.શ્રી એફ.કે.પઠાણ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનાનું તહોમતનામું છે. આ કામે ફરીયાદ પક્ષ તરફથી ફરીયાદીને સાહેદ નંબર ૧ આંક–૧૧ થી તપાસેલા છે ચોકકસ પણે ફરીયાદીએ ફરીયાદ હકિકત મુજબ પુરાવો આપેલ છે. પરંતુ ફરીયાદીની ઉલટ તપાસ જોવામાં આવે તો ફરીયાદીનો પુરાવો કેટલાક અંશે વિરોધાભાસી પુરાવો છે. ફરીયાદ મુજબ બનાવ આઠ માસ પહેલાં બનેલો એટલે કે ફરીયાદ આઠ માસ મોડી આપવમાં આવેલ છે અને તે અંગેનો કોઈ ખુલાશો ફરીયાદમાં કરવામાં આવેલ નથી. વિલંબથી કરવામાં આવેલ ફરીયાદ માની શકાય નહી. આમ, ફરીયાદ પક્ષ આરોપી વિરુદ્ધ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા દલીલો કરેલ છે.

(૯) આ કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ અને બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લેતાં, આ કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપિસ્થત થાય છે.

**<u>-:: મુ દ્દા ઓ ::-</u>**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબીત કરી શકે છે કે, આ કામના આરોપીએ બનાવ તારીખ, સમયે અને સ્થળે ફિદરયાદીને ઈરાદાપૂર્વક ઉશ્કેરણી કરવાના હેતુથી અપશબ્દો બોલી , જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડ સંદિહતાની કલમ ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨). શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) **નકારમાં.**

(૨) **આખરી હુકમ મુજબ.**

**<u>-:: કા ર ણો ::-</u>**

(૧૧) પ્રસ્તૃત કેસમાં ફિરયાદપક્ષ તરફથી ફરીયાદી સંતોષ ઉત્તમરાવ ઉપરેને સાહેદ નંબર ૧, આંક-૧૧ થી તપાસેલ છે. આ સાહેદ એવો પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૧૮ ની સાલમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, ખાટીયાવાંટ મુકામે બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવતાં હતા. તેમજ વિક્રમસિંહ રાજપુત, કરશનભાઈ રાઠવા તથા સંજયભાઈ રાઠવા પણ કર્મચારી તરીકે ફરજ બજાવતાં હતા અને કેશીયર તરીકે પંકજભાઈ સોલંકી ફરજ બજાવતાં હતા. બનાવ ૩ વર્ષ પહેલાં ફરજના સમય ગાળા દરમ્યાન સાંજના પાંચ થી સાડા પાંચ વાગ્યાના

અરસામાં બનેલો. વધુમાં ફરીયાદી એવો પુરાવો આપે છે કે, બનાવમાં પંકજભાઇ તરફથી મને જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળાગાળી કરેલી. તેઓએ મારી ચેમ્બરમાં આવી મને ધમકી આપેલી અને જણાવેલ કે, હું એસ.સી./એસ.ટી. જાતિનો સભ્ય છું અને યુનિયનમાં પણ છું અને એવું પણ જણાવેલ કે, મારી ઉપર ફરીયાદ કેમ કરેલ છે. વધુમાં ફરીયાદીએ એવો પણ પુરાવો આપે છે કે, આરોપી અમારી ઓફીસમાં આવીને ઝઘડો કરેલ ત્યારે એવું પણ જણાવતાં કે તેમના બીલો કેમ મંજુર કરતા નથી તે મંજુર કરો અને તેઓએ મને મારવાની પણ કોશીશ કરેલી તે બાબતની ફરીયાદ પાનવડ પોલીસ સ્ટેશનમાં આપેલી. આ સાહેદ આંક–૧૨ માં તેમની સહી ઓળખી બતાવેલી અને આરોપીને પણ ઓળખી બતાવેલો. વધુમાં ફરીયાદી એવો પણ પુરાવો આપે છે કે, ફરીયાદ આપ્યા બાદ પોલીસે બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ અને તે જગ્યા તેમણે ઓળખી બતાવેલી.

ફરીયાદીની બચાવપક્ષ તરફથી કરવામાં આવેલી ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકિકત કબુલ કરે છે કે, તા.૨૦/૦૭/૨૦૧૯ ના રોજ પછી આરોપી વિરુદ્ધ કોઇ ફરીયાદ કરેલ નથી. ત્યારબાદ ફરીયાદીનું ધ્યાન કેટલાંક વિરોધાભાસો તરફ દોરવામાં આવતાં તેનો સ્વીકાર કરેલ છે. એ હકિકત પણ કબુલ કરેલ છે કે, તા.૦૬/૧૨/૨૦૧૮ ના રોજ આરોપી કેશીયર એલાઉન્સના વેરીફીકેશન માટે મારી પાસે આવેલા અને સ્પષ્ટતાં કરતાં જણાવે છે કે, તેઓ આવેલા પરંતુ કેશીયર એલાઉન્સની સાથે ટ્રાન્સફર એલાઉન્સ માટે અગ્રેસીવ થઇને આવેલા. એ હકિકતનો ઇન્કાર કરે છે કે, તે સમયે અમોને ગાળાગાળી કરીને કેબીનની બહાર કાઢી મુકેલા. એ હકિકતનો પણ ઇન્કાર કરે છે કે, ઓફીસ સમય પુર્ણ થયા બાદ મેં આરોપીને ફોન ઉપર તેમની જ્ઞાતિ બાબતે અપશબ્દો બોલી, ગાળો બોલેલી.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ કરશનભાઇ વીછીંયાભાઇ રાઠવા, વિક્રમસિંહ અજયસિંહ રાજપુત અને સંજયભાઇ પ્રતાપભાઇ રાઠવાને સાહેદ નંબર ૨, ૩, ૪ અને આંક–૧૪, ૧૫ અને ૧૬ થી તપાસવામાં આવેલા છે. આ ત્રણેય સાહેદોનો પુરાવો મહદઅંશે એક સરખો છે. તેથી તેઓના પુરાવાનું પુનરાવર્તન અટકાવવાના હેતુથી ત્રણેય સાહેદોના પુરાવાની ચર્ચા એક સાથે કરવી હું જરૂરી સમજુ છુ. આ ત્રણેય સાહેદો એવો પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૧૮ માં યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, ખાટીયાવાંડ બ્રાંચ ખાતે ફરજ બજાવતાં હતા અને બનાવ સને ૨૦૧૮ ની સાલમાં બનેલો અને તે વખતે એલાઉન્સ બાબતે આરોપી અને ફરીયાદી વચ્ચે સાડા ત્રણથી ચાર વાગ્યાના ગાળામાં બોલાચાલી થઇ હતી. તે બોલાચાલી તેમણે સાંભળેલી, આ બોલાચાલી બને જણાંએ ગુસ્સે થઇને કરેલ હતી અને આ બનાવની ફરીયાદ પંકજભાઇએ આપેલી.

સાહેદ કરશનભાઇ વીછીંયાભાઇ રાઠવાની આંક–૧૪ ની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકિકત કબુલ કરે છે કે, બોલાચાલીમાં સંતોષભાઇ પંકજભાઇને મોટેમોટેથી ગાળો બોલતા હતા.

સાહેદ વિક્રમસિંહ અજયસિંહ રાજપુત, આંક–૧૫ ની ઉલટ તપાસમાં એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, સંતોષભાઇએ ઉચે અવાજમાં વાત કરેલી.

સાહેદ સંજયભાઇ પ્રતાપભાઇ રાઠવા, આંક–૧૬ની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બોલાચાલી થયેલી તેમાં સંતોષભાઇ પંકજભાઇને મોટેમોટેથી ગાળો બોલતા હતા.

ફરીયાદી અને ઉપરોકત ત્રણેય સાહેદોના પુરાવાનું મુલ્યાંકન અન્ય સાહેદોના પુરાવાની ચર્ચા કર્યા બાદ એક સાથે કરવા હું જરૂરી સમજુ છુ.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી પંચ સાહેદ મનોજભાઇ ચંદુભાઇ રાઠવા સાહેદ નંબર ૫, આંક–૧૮ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો આ સાહેદે તૈયાર લખેલ પંચનામામાં સહી કરેલ હોવાનો પુરાવો આપેલો છે અને પંચનામામાં માત્ર તેમણે સહી ઓળખી બતાવેલી. એ હકિકતનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે કે, પોલીસે તેમની ગુન્હાવાળી જગ્યા બલાવેલ અને તેમની હાજરીમાં પંચનામુ કરેલુ. આ પંચ સાહેદ પંચનામાની હકિકતોને સમર્થન નહી આપતાં વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટ તપાસ પણ કરેલ છે પરંતુ ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન મળે તેવી કોઈ જ હકિકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી.

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી ત.ક.અ.શ્રી ભાવસિંગભાઇ બનીયાભાઈ રાઠવા, સાહેદ નંબર ૬, આંક–૨૩ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓને હાલના ગુનાની તપાસ મળતાં તેઓએ તપાસ સંભાળેલી અને તપાસ સંભાળ્યા બાદ ફરીયાદીએ ગુન્હાવાળી જગ્યા બતાવતા પંચનામુ કરેલું. તેમજ સાહેદોનાં નિવેદનો લીધેલા અને આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ કરેલું. આમ, આ સાહેદે તપાસ દરમ્યાન જે કાર્યવાહી કરેલ છે તેનો ચિતાર તેઓના પુરાવામાં રજુ કરેલ છે.

(૧૫) આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકિકતનો ઈન્કાર કરે છે કે, ફરીયાદ આપવા યુનિયન બેંકના પેનલ એડવોકેટ પણ આવેલા અને તેઓના લખાવ્યા મુજબ મુજબ ફરીયાદ લખેલી. એ હકિકત કબુલ કરે છે કે, આ ફરીયાદ દાખલ થતાં અગાઉ આરોપીએ ફરીયાદી વિરુદ્ધ એટ્રોસીટીની ફરીયાદ દાખલ કરેલ છે.

(૧૬) ફરીયાદી અને સાહેદો કરશનભાઈ વીછીંયાભાઈ રાઠવા, વિક્રમસિંહ અજયસિંહ રાજપુત અને સંજયભાઈ પ્રતાપભાઈ રાઠવાના પુરાવાનું એક સાથે મુલ્યાંકન કરવામાં આવતાં એ તમામ સાહેદોના પુરાવાથી એવી હકિકત રેકર્ડ ઉપર આવે છે કે, હાલનો કહેવાતો બનાવ યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં બેંક મેનેજરની કેબીનમાં બનેલો છે અને ત્યાં આરોપી આવીને ફરીયાદી સાથે બીલો બાબતે બોલાચાલી કરેલ છે અને ત્યારબાદ ફરીયાદી અને આરોપી વચ્ચે બોલાચાલી થયેલી છે. ફરીયાદીના પુરાવા મુજબ આરોપી તેઓને મોટેમોટેથી ગાળો આપેલી તેમજ ધમકી પણ આપેલી. પરંતુ આરોપીએ કયાં શબ્દો ઉચ્ચારેલા તે અંગે કોઈ જ પુરાવો એક પણ સાહેદે કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી અને આ ધમકીના કારણે ફરીયાદીના મનમાં શું ભય ઉત્પન્ન થયેલો તે અંગેનો કોઈ જ પુરાવો આ તમામ સાહેદોના પુરાવાથી રેકર્ડ ઉપર આવતો નથી. ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો તે પુરાવો વિરોધાભાસ પુરાવો છે. આ કામે આરોપીએ ફરીયાદી વિરુદ્ધ એટ્રોસીટીની પણ ફરીયાદ કરેલ છે અને તે ક્રોસ કેસ તરીકે આ જ કોર્ટમાં ચલાવવામાં આવેલ છે.

(૧૭) આ કામે એ હકિકત નિ:શંક છે કે, હાલનાં બનાવની ફરીયાદ આઠ માસ મોડી કરવામાં આવેલ છે. આ ફરીયાદ આઠ માસ મોડી કેમ કરવામાં આવેલ છે તે અંગે કોઈ ખુલાશો ફરીયાદીએ તેની ફરીયાદમાં કે ફરીયાદપક્ષે પણ કરેલ કરેલ નથી. આ કામે એ હકિકત નિ:શંક છે કે, હાલની ફરીયાદ આઠ માસ બાદ આપવામાં આવેલી છે. ત્યાં સુધી હાલના બનાવની કોઈ જ ફરીયાદ કરતાં નથી. હાલના કેસમાં જે વિલંબ થયેલો છે તે વિલંબ નાનોસુનો વિલંબ નથી અને તે આઠ માસનો વિલંબ છે. ફરીયાદપક્ષે ચોકકસપણે વિલંબનો ખુલાશો કરવો જોઈએ. આઠ માસનો વિલંબ કયાં કારણોથી થયેલો છે તે અંગે કોઈ ખુલાશો ફરીયાદી કે ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલો નથી.

તેથી આઠ માસનો વિલંબ એ કોઇ સામાન્ય વિલંબ નથી પરંતુ તે અસામાન્ય વિલંબ છે. સામાન્ય સંજોગોમાં અદાલત સામાન્ય વિલંબને નજર અંદાજ કરી શકતી હોય છે. પરંતુ જયારે વિલંબ અસામાન્ય વિલંબ હોય તેવા વિલંબને નજર અંદાજ કરી શકાય નહી અને આ વિલંબ કેસના મુળને અસર કરે છે. તેથી પણ ફરીયાદીનો પુરાવો વિશ્વસનીય, ભરોસાપાત્ર અને સત્યના રણકારવાળો જણાતો નથી. આમ, ફરીયાદીની જુબાની અને ફરીયાદીનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાપાત્ર પુરાવો નથી.

(૧૮) જ્યાં સુધી ભારતીય દંડ સંહિતા કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબના તહોમતનો સવાલ છે ત્યાં સુધી ફરિયાદીએ તેમના પુરાવામાં આરોપીએ તેમને ગાળો બોલેલ હોવાનું અને મારી નાંખવાની ધમકી આપેલ હોવાનો પુરાવો આપેલ છે. હવે પ્રશ્ન એ છે કે શું ફરિયાદ પક્ષ ભારતીય દંડ સંહિતા કલમ–૫૦૪, ૫૦૬(૨) ના તત્વો સાબિત કરી શકે છે કે કેમ ? ભારતીય દંડ સંહિતા કલમ–૫૦૪, ૫૦૬(૨) નો ગુનો સાબિત કરવા માટે ફરિયાદપક્ષે એ હકીકત નિઃશંકપણે સાબિત કરવી પડે કે આરોપીનો ઇન્સલ્ટ (અપમાન) કરવાનો ઈરાદો, શાંતિભંગ કરવાનો ઈરાદો અને ક્રિમિનલ ઈન્ટિમીડેશન (ગુનાહિત ધમકી) નો હતો. આ તબક્કે ભારતીય દંડ સંહિતા કલમ–૫૦૪, ૫૦૬(૨) નો ઉલ્લેખ કરવો જરૂરી સમજું છું.

**504. Intentional insult with intent to provoke breach of the peace**

whoever intentionally insults, and thereby gives provocation to any person,intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace or to commit any other offence, shall be punished with imprisonment

of either description for a term which may extend to two years,or with fine or with both.

**506. Punishement for Criminal intimidation -**

However commits the offcence of criminal intimidation shall be punished with imprisonment of either description for a term which may extend to two years,of with fine or with both;

If threat be to cause death or grievous hurt,etc - And if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or [imprisonment of life] or with imprisonment for a term which may extend to seven years, or to impute, unchastity to a woman,shall be punished with imprisonment of either description for a term which may extend to seven years of with fine, or with both.

ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪ ના તત્વો જોવામાં આવે તો તે નીચે મુજબ છેઃ

**તત્વો :–**

**(૧)** ઈરાદાપૂર્વક કોઈ વ્યક્તિનું અપમાન કરેલ હોય**,**

**(૨)** તેના દ્વારા કોઈ વ્યક્તિને ઉશ્કેરવાનો અને તેનો ઈરાદો અથવા જ્યારે આ ઉશ્કેરાટ જાહેર શાંતિ જોખમાય તેવો હોય અથવા બીજો કોઈ ગુનો કરે તેવો હોય.

ક્રિમિનલ ઈન્ટિમિડેશન (Criminal Intimidation) ભારતીય દંડ સંહિતા કલમ-૫૦૬ માં વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે અને તેના તત્વો નીચે મુજબ છે:

તત્વો :–

(૧) ધમકી કે જેના દ્વારા કોઈ વ્યક્તિની પ્રતિષ્ઠાને અથવા તેની પ્રોપર્ટીને (મિલકતને) હાનિ પહોંચે.

(૨) અને તે ઈરાદા સાથે કોઈ વ્યક્તિને કોઈ કૃત્ય કે જે કરવા તે લીગલી બાઉન્ડ (કાયદેસર રીતે બંધાયેલ) નથી તે કરવા માટે એલાર્મ (ભય) ઉત્પન્ન કરે.

(૩) અથવા કોઈ વ્યક્તિ લીગલી કૃત્ય કરવા હકદાર હોય તે કૃત્ય કરવા માટે ઓમીટ (કરતા અટકાવે) કરે.

આમ, ઉપરોક્ત ભારતીય દંડ સંહિતા કલમ-૫૦૪, ૫૦૬ નાં તત્વોને ધ્યાને લઈ પ્રસ્તૃત કેસમાં ફરિયાદી તથા સાહેદોના પુરાવાને આધારે મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદી તથા સાહેદોએ માત્ર એવો પુરાવો આપેલ છે કે આરોપીએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ.

**નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.આર. પાના નં. ૩૩૭ પ્રવીણ બેચરભાઈ વણકર અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** ના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે, ખરેખર આરોપી દ્વારા ઉચ્ચારેલ શબ્દો રેકર્ડ ઉપર ન આવે ત્યાં સુધી ભારતીય દંડ સંહિતા કલમ-૫૦૪ મુજબ કોઈ ગુનો બનતો નથી. ભારતીય દંડ સંહિતા કલમ–૫૦૪ માં જે અપમાન બતાવવામાં આવેલ છે તે માત્ર ઈરાદાપૂર્વક નહીં પરંતુ તેના દ્વારા જાહેર જગ્યામાં અપમાન થાય જે જાહેર સુલેહ શાંતિનો ભંગ કરવા માટે પ્રેરે અથવા બીજો કોઈ ગુનો કરવા માટે પ્રેરે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવુ પણ ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહિતા કલમ–૫૦૬ મુજબ ગુનો સાબિત કરવા માટે જે વ્યક્તિને ધમકી આપવામાં આવેલ હોય તે વ્યક્તિના મનમાં ભય ઉત્પન્ન થવો જોઈએ. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ ઉપરોક્ત સિદ્ધાંત ધ્યાને લઈ ફરિયાદપક્ષના કેસનાં પુરાવાનું મૂલ્યાંકન કરતા ફરિયાદપક્ષ આવી કોઈ હકીકતો રેકર્ડ ઉપર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે જેથી ભારતીય દંડ સંહિતાની કલમ–

૫૦૪, ૫૦૬(૨) ના આક્ષેપિત ગુનાનું તહોમત હાલના કેસમાં સાબિત થતુ નથી.

(૧૮) આમ, ઉપરોક્ત સમગ્ર ચર્ચાનાં અંતે હું એવુ મંતવ્ય ધરાવુ છુ કે, ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૪, ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનો સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. **તેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવું છું અને મુદ્દા નં.૨ નો આખરી હુકમ નીચે મુજબ કરૂ છું.**

**–:: હુ ક મ ::–**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) મુજબ **પંકજભાઈ ડાહ્યાભાઈ સોલંકીના**ઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીન તથા જામીન ખત રદ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ જો આ હુકમ સામે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે આરોપીએ રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો છ માસના સમય સુધીના રજૂ કરવા.

(૪) સદર કામે મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ તા.૦૯, માહે : જુલાઇ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.**

તા.**૦૯/૦૭/૨૦૨૬**
સ્થળ: છોટાઉદેપુર.

**(મહંમદસિરાજ એલ. શેખ)**
ત્રીજા અધિક સેશન્સ જજ,
છોટાઉદેપુર.
કોડ નં.જીજે-૦૦૭૪૩.